(૪) ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા) ફા. પ્લોટ નં. ૩૫૧માં રસ્તાના ગોળાકારને કારણે ક્ષેત્રફળ ઘટીને ૧૧૮૮ ચો. મી. કરવા.

(૫) ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા) ફા. પ્લોટ નં. ૩૬૨ તથા ૩૬૩ને એપ્રોચ આપતા રસ્તાની પહોળાઈ ૪૫.૭૨ મી. ને બદલે ૧૫.૦૦ મી. કરવા તથા સદર પ્લોટોને ઉત્તર દિશા તરફે લાગુ મંજુર વિકાસ યોજના-૨૦૦૪ની નિયત રસ્તારેખાની અસર યથાવત રાખવા.

(૬) ફા. પ્લોટ નં. ૨૧૨ (ક્ષેત્રફળ : ૪૭૧ ચો. મી.) તથા ફા. પ્લોટ નં. ૨૧૫ (ક્ષેત્રફળ : ૮૦૨ ચો. મી.) જે પાર્કિંગના હેતુ માટે સુરત મહાનગરપાલિકા એલોટ થયેલ છે. તથા ફા. પ્લોટ નં. ૧૫૪ પૈકીની દક્ષિણ તરફની ૨૪૨ ચો. મી. જગ્યા જે ઓપન સ્પેસના હેતુ માટે સુરત મહાનગરપાલિકાને ફાળવેલ છે તેમાં વેરીએશન કરી "કોમર્શીયલ" માટે હેતુફેર કરવા તથા ફા. પ્લોટ નં. ૨૦૦ (ક્ષેત્રફળ : ૯૦૭ ચો. મી.) તથા ફા. પ્લોટ નં. ૨૦૩ (ક્ષેત્રફળ : ૫૧૩ ચો. મી.) જગ્યા જે લોકલ કોમર્શીયલ માટે સુરત મહાનગરપાલિકાને ફાળવેલ છે, તેમાં વેરીએશન કરી પાર્કિંગ માટે હેતુફેર કરવા નગર રચના યોજના, સુરત નં. ૬ (મજુરા-ખટોદરા) ને ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૭૧ હેઠળ વેરીડ કરવા.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધેના વાંધા/સુચનો બે નક્લોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

---

## સુરત મહાનગરપાલિકા

## મોજે : વરીયાવ-કોસાડ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

નં. ટીપીડી/૭૨૨૯/૧૩.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વથી સુરત શહેરી વિકાસ સત્તામંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસિડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર રચના સમિતિનાં ઠરાવ નં. ૦૭/૨૦૧૩, તા. ૧૯--૦૩-૨૦૧૩થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૩માંગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે : વરીયાવ, કોસાડ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

### ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૯-૦૩-૨૦૧૩નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :**

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૬-૦૩-૨૦૧૩નાં પત્ર નં. સીમીસ/૮/૩૬ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી

વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૦૭/૨૦૧૩ સર્વાનુમતે મંજુર.

---

## સુરત મહાનગરપાલિકા

## મોજે : સરથાણા-પાસોદરા-લસકાણા વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૮૫ (સરથાણા-પાસોદરા લસકાણા) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

નં. ટીપીડી/૭૨૩૦/૧૩.- ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વથી સુરત શહેરી વિકાસ સત્તામંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસિડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૬/૨૦૧૩, તા. ૧૯--૦૩-૨૦૧૩થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૫માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે : સરથાણા, પાસોદરા, લસકાણા વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૫ (સરથાણા, પાસોદરા, લસકાણા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસો ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૩.

(સહી) અવાચ્ય,<br>
કમિશ્નર,<br>
સુરત મહાનગરપાલિકા.

## ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૯-૦૩-૨૦૧૩નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૬-૦૩-૨૦૧૩નાં પત્ર નં. સીમીસ/૮/૩૫ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૫ (સરથાણા, પાસોદરા, લસકાણા) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના; સુરત નં. ૮૫ (સરથાણા, પાસોદરા, લસકાણા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૦૬/૨૦૧૩ સર્વાનુમતે મંજુર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.